અપીલ અરજી નં.૧૧૨ તા.૨૧–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ પાનપાટીલની આઈ ડી નં.૫૫ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સીધાવેરા દફતરે બાપ અથવા અન્ય વડીલનું નામ બોલતું હોય અને તેમના વારસદારો અલગ રહેતા હોય અને તેમના બાળક અલગ હોય તો તેમના નામ પર અલગ વેરા માટે નિયમ મુજબ સોંગધનામાં સાથે અરજી કરવી હોય તો અરજદારોને આજ સુધી વેરાના અલગ બીલો સુરત મહાનગરપાલિકાએ શા માટે આપ્યા નથી તેની માહિતી, તથા કોઈ પણ નાગરિક જે તે વિભાગને ઉદ્દેશીને અપાતી જરૂર હોય તેવી પ્રાથમિક સુવિધા માટે અરજી કરે તો આ અરજીનો જરૂર હોય તેવો નિકાલ કેટલા દિવસની અંદર કરવો ફરજીયાત છે? કરવામાં આવેલી અરજીનો ઉત્તર સુરત મહાનગરપાલિકાના જે તે વિભાગને કેટલા દિવસની અંદર આપવા ફરજીયાત છે? વિગેર માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૨/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની આઈ ડી નં.૫૫ તા.૧૮–૫–૦૯ ની અરજીથી સીધાવેરા દફતરે બાપ અથવા અન્ય વડીલનું નામ બોલતું હોય અને તેમના વારસદારો અલગ રહેતા હોય અને તેમના બાળક અલગ હોય તો તેમના નામ પર અલગ વેરા માટે નિયમ મુજબ સોંગધનામાં સાથે અરજી કરવી હોય તો અરજદારોને આજ સુધી વેરાના અલગ બીલો સુરત મહાનગરપાલિકાએ શા માટે આપ્યા નથી તેની માહિતી, તથા કોઈ પણ નાગરિક જે તે વિભાગને ઉદ્દેશીને અપાતી જરૂર હોય તેવી પ્રાથમિક સુવિધા માટે અરજી કરે તો આ અરજીનો જરૂર હોય તેવો નિકાલ કેટલા દિવસની અંદર કરવો ફરજીયાત છે? કરવામાં આવેલી અરજીનો ઉત્તર સુરત મહાનગરપાલિકાના જે તે વિભાગને કેટલા દિવસની અંદર આપવા ફરજીયાત છે? વિગેર માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ નો જવાબ અધૂરો મળેલ હોય તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ ખાસ કરીને અરજદારના મુદ્દા નં.૨ જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે તે પ્રકારની હોઈ તેમજ જાહેર માહિતી અધિકારી આકારણી સાથે અન્ય નાગરીક સુવિધાની કામગીરી પણ કરતાં હોઈ તે અંગેનો પૂર્તતા અહેવાલ સહિત પૂરક વિગતો વિશેષમાં પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૪ તા.૨૯–૭–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/એપેલ ેટ/આરટીઆઈ/અરજી નં.૫૫ તા.૩–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૮–૫–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકામાં સીધાવેરામાં દફતરે બાપ અથવા અન્ય વડીલનું નામ બોલાતું હોય અને તેમના વારસદારો અલગ રહેતા હોય અને તેમના બાળક અલગ હોય તો તેમના નામ પર અલગ વેરા માટે નિયમ મુજબ સોંગધનામાં સાથે અરજી કરવી હોય તો અરજદારોને આજ સુધી વેરાના અલગ બીલો સુરત મહાનગરપાલિકાએ શા માટે આપ્યા નથી. તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પ્રસ્તુત કિસ્સામાં સદરહુ મિલ્કત વોર્ડ નં.૯૧ લોકેશન એટલે કે ઝુંપડપટ્ટી (સ્લમ વિસ્તારમાં) આવે છે. ઝુંપડામાં ભાગલા પાડી શકાતા નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ કોઈ પણ નાગરિક જે તે વિભાગને ઉદ્દેશીને અપાતી જરૂર હોય તેવી પ્રાથમિક સુવિધા માટે અરજી કરે તો આ અરજીનો જરૂર હોય તેવો નિકાલ કેટલા દિવસની અંદર કરવો ફરજીયાત છે? કરવામાં આવેલી અરજીનો ઉત્તર સુરત મહાનગરપાલિકાના જે તે વિભાગને કેટલા દિવસની અંદર આપવા ફરજીયાત છે? તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પ્રાથમિક સુવિધાઓ આપવાની જવાબદારી આકારણી વિભાગની નથી જે માટે અરજદારે સુવિધા મેળવવા જે તે વિભાગને નિયમોનુસાર અરજી કરવી કે રજૂઆત કરવી તેવું જણાવેલ છે. અરજદારે ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫ તા.૧૫–૬–૦૯ થી મળેલા જવાબ ના પ્રતિભાવથી મુદ્દા નં.૨ પ્રાથમિક સુવિધા માટે મળેલા જવાબો અધૂરા મળેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારની મુદ્દા નં.૨ અંગેની કોઈ પણ નાગરિક સુરત મહાનગરપાલિકામાં નાગરિક સુવિધા માટે અરજી કરે તો કેટલા દિવસમાં ફરજીયાત નિકાલ કરવાનો રહે તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ થાય છે. જે અંગે આવી માહિતી મહાનગરપાલીકાની વેબસાઈટ ઉપર સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં મુકવાની હોય છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેવી માહિતી પૂરી પડાયેલ નથી

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોય તે માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.*કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ,